# કુડાસણ અપના અડ્ડા પાસે કોન્ટ્રાકટર પર જીવલેણ હુમલો

## રાયસણના શખ્સોએ હવાલો કરી પૈસા પડાવવા હુમલો કર્યો હોવાની ચર્ચા : હળવી કલમો લગાડવા રાજકીય દબાણ : દબાણ વચ્ચે આખરે પોલીસ ફરિયાદ નોંધાઈ

ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતે પ્રમુખ શોપીંગ મોલમાં આવેલ અપના અડ્ડા દુકાનની પાસે ગઈ રાત્રે ગાંધીનગર શહેરના એક કોન્ટ્રાકટર ઉપર જીવલેણ હુમલો થતા ચકચાર મચી જવા પામી છે. રાયસણના શખ્સોએ કોન્ટ્રાકટર પાસેથી રૂપિયા કઢાવી આપવાનો હવાલો લઈ હુમલો કર્યો હોવાની ચર્ચાએ જોર પકડયું છે. ત્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા કોન્ટ્રાકટરને અમદાવાદની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે તો બીજી તરફ ફરાર થઈ ગયેલા હુમલાખોરોને બચાવવા પોલિસને રાજકીય દબાણ આવી રહ્યું હોવાનું પણ જાણવા મળ્યું છે. હળવી કલમો લગાડવાના દબાણ વચ્ચે આખરે ઈન્ફોસીટી પોલિસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવા પામી છે.





સુત્ર પાસેથી મળતી માહિતી મુજબ ગાંધીનગરમાં રહેતા કોન્ટ્રાકટર રાઘવભાઈ મહેતાએ એક વેપારીથી માલ લીધો હતો તેનું બિલ વેપારીએ કાચુ મોકલ્યું એટલે જીએસટી બિલની માંગણી રાઘવભાઈએ કરી હતી. આ રૂપિયાની ઉઘરાણી કરવા માટેનો હવાલો રાયસણની એક ગેંગને અપાયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. હવાલાના રૂપિયા ઉઘરાવવા રાયસણની ગેંગ ગઈ રાત્રે કુડાસણ પ્રમુખ શોપીંગ મોલમાં આવેલી અપના અડ્ડા દુકાન પાસે પહોંચી ગઈ હતી અને ત્યાં ઉભેલા કોન્ટ્રાકટર રાઘવભાઈ મહેતાને આંતરી તેમના ઉપર જાન લેવા હુમલો કર્યો હતો. માથાના ભાગે ગંભીર રીતે ઘવાયેલા રાઘવભાઈને ગાંધીનગરની હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા હતા ત્યાંથી વધુ સારવાર માટે લોહીલુહાણ હાલતમાં અમદાવાદની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. રાઘવભાઈની ફરિયાદ ન દાખલ થાય તે માટે રાજકીય દબાણ શરુ થઈ ગયા હતા ત્યાર બાદ કલમો હળવી લગાડવા પણ પ્રેશર શરૂ થયા હતા. ઈન્ફોસીટી પોલિસે આખરે આ મામલે ધિરેન પટેલ, શકિત પટેલ, પંકજ પટેલ, ગૌરાંગ પટેલ સામે ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

## ઉદ્‌ગમ વુમન એચિવર્સ એવૉર્ડમાં વિવિધ ક્ષેત્રની ૩૨ મહિલાઓને સન્માનિત કરાઈ

ગાંધીનગર, તા. ૯

મહિલા અને બાળ કલ્યાણ ક્ષેત્રે સતત કાર્યશીલ ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આઠ વર્ષથી વિવિધ ક્ષેત્રે કાર્યરત સન્નારીઓને



ઉદ્‌ગમ વુમન્સ એચીવર્સ એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે સતત નવમાં વર્ષે ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ''નારી શક્તિ કો સલામ'' કાર્યક્રમ યોજાયો હતો.

''નારી શક્તિ કો સલામ'' કાર્યક્રમનું આયોજન નવમાં ઉદ્‌ગમ વુમન્સ એચીવર્સ એવોર્ડમાં ઉદગમ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુર જોશીએ સ્વાગત પ્રવચનમાં સંસ્થાના કાર્યોની અને સંસ્થાના મહિલા વિંગના માનદ ડાયરેક્ટર પરમજીત કૌર છાબડાએ ઉદગમ વુમન્સ એચીવર્સ એવોર્ડ પ્રક્રિયાની માહિતી આપી હતી.

નવમા ઉદ્‌ગમ વુમન્સ એચીવર્સ એવોર્ડ સમારંભના અધ્યક્ષ તરીકે ડૉ. સોનિયા પુરી, ચેરપર્સન, ગોલ્ડન કટાર આર્મી વાઈફ્સ વેલ્ફેર એસોસિએશન અને અતિથિ વિશેષ તરીકે બ્રિટિશ ડેપ્યુટી હાઈ કમિશ્નર જ્યોફ વેન તથા મલાવી હાઈકમિશન, નવી દિલ્હીથી જુલીઆના સોમ્બા-બંદા, ફર્સ્ટ સેક્રેટરી ઉપસ્થિત રહ્યા હતા.

દિવ્યાંગ કેટેગરીમાં કુ. નિતા પંચાલ, મહેશ્વરી નાગારાજન, પર્લીન આર. ક્રિશ્ચિયનને લાઈફટાઈમ એચીવમેન્ટ, સ્પેશિયલ એચીવમેન્ટ પ્રોફેસર (ડૉ.) ઈન્દુ રાવ, ઉષા અગ્રવાલ, સમાજસેવા દિવ્યા ગુપ્તા, ડૉ. સંગીતા પી. ઘાટે, કેતકી નિતેશ જાની, શિક્ષણમાં જયેશબાળા અરૂણકુમાર ગાંધી, સુરજીતકૌર ડાંગ, તસ્કીન સરેસવાળા, રમતગમતમાં લેફટનન્ટ ખુશી પુરોહિત, વિભા હેમલ શાહ, કાર્પોરેટ અનિતા કપૂર, આકૃતિ બાગવે, કલા અને સંસ્કૃતિમાં કિનીનીકા મહેતા, ગુરુ રાધા ભાસ્કર મેનન, આશા વિનોદ ભટ્ટ, પ્રિયા આનંદ પરિયાણી, ચાંદની ઝાલા, ઉદ્યોગ સાહસિકતા મીનાબેન કાવ્યા, શિલ્પા વિપુલ દેસાઈ, આરતી ગુપ્તા, સાહિત્યમાં ગીતા માણેક, પલ્લવી ગિરિશ ગુપ્તે, પત્રકારત્વમાં મીરા જયંતીભાઈ ત્રિવેદી, મેઘા પંડ્યા ભટ્ટ, તથા આરોગ્યમાં ડૉ. જયશ્રી કનુભાઈ ગાંધી, પૂનમ જે. બ્રહ્મભટ્ટ, ડૉ. ઈન્દરજિત કૌર, સંગીતમાં ડૉ. તેજલ ભારત પાઠક તથા ફેશનમાં ચૌલાબેન પી. પટેલ જેવી વિવિધ ક્ષેત્રમાં નોંધનીય કામગીરી કરનાર ૩૨ મહિલાઓને એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી.

ઉદ્‌ગમ વુમન્સ એચીવર્સ એવોર્ડના મેન્ટર આશા સરવૈયા, પરમજિત કૌર છાબડા, લતાબેન ચોકસી, શર્મિષ્ઠાબેન દવે, મુક્તિબેન વૈષ્ણવ, સંજયભાઈ થોરાત, જનક ઠક્કર, મોરલી ઠક્કર, ભાર્ગવ પરીખ, જગત કારાણી, આશા દેસાઈ, નેહલબેન ગઢવી, ભૈરવીબેન લાખાણી, રેડીઓ મિર્ચીના આરજે કુણાલ તથા અન્ય મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિમાં મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




મહિલા સશક્તિકરણ વીષે પ્રવચન આપવા ગયો તેમાં મોડું થઈ ગયું છે... ખોટું ન લગાડીશ... આજનાં વાસણ કાલે માંજીશ...!!



આજે મનપા દ્વારા સે. ૨૮ના રંગમંચ તેમજ સે. ૧૬ની આંગણવાડી અને મનપાનો એક નવીન સમિતિ ખંડનું મેયર પ્રવિણ પટેલ તેમજ ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, કમિશ્નર ડી.એન. મોદી, સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલ, કાઉન્સીલર કાર્તિક પટેલ વિગેરેની હાજરીમાં લોકાર્પણ કરાયુ તેની તસવીર.

## માણસા ખાતે ગુજરાત સ્કાઉટ ગાઈડ સંઘની ૨૭મી રાજ્ય રેલીનું ઉદ્‌ઘાટન

ગુજરાત રાજય ભારત સ્કાઉટ ગાઈડ સંઘની ૨૭મી રાજયરેલી અને સ્કાઉટ-ગાઈડ સંઘની વેબસાઈટનું લોંચીગ કર્યા બાદ ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું કે, બાળકોમાં શિસ્ત, સંસ્કાર, પરસ્પર જ્ઞાન, અનુભવ તથા કૌશલ્ય પ્રાપ્ત કરી યુવાનો દેશના આદર્શ નાગરિક બને અને સમાજસેવાના કાર્યોમાં પોતાનું નોંધપાત્ર યોગદાન આપે તેવી અપીલ રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ કરી હતી. ભારત સ્કાઉટ ગાઈડ સંઘ રાષ્ટ્રભાવના અને માણસાના પૂર્વધારાસભ્ય અમીતભાઇ ચૌધરી અને ગુજરાતના સ્કાઉટ ગાઈડ સંધના મુખ્ય ચીફ કમિશનર જનાર્દન પંડયાએ રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીને સ્મૃતિ ચિન્હ અર્પણ કરી સન્માન કર્યું હતું.



પ્રામાણિકતા, સેવાભાવ, આત્મવિશ્વાસ અને રાષ્ટ્રસેવાના ગુણોનું સર્જન થાય તે માટે સ્કાઉટ-ગાઈડ સંઘ સંકલ્પબદ્ધ છે. માનવ સેવાના મંત્રને સ્કાઉટ—ગાઈડ પ્રેરિત કરે છે. સમાજની ઉન્નતિ અને સમાજ સેવા માટે પ્રતિબદ્ધ છે. તેમ રાજયપાલશ્રીએ જણાવ્યું હતું.

રાજયપાલશ્રીના હસ્તે ગુજરાત રાજય ભારત સ્કાઉટ ગાઈડ સંઘની ઓફિસીયલ વેબસાઈટનું લોન્ચીંગ કરવામાં હતું.

રાજયરેલીના કો-ઓર્ડિનેટર દિનેશભાઈ વ્યાસ અને સ્ટેટ સેક્રેટરી મનિષકુમાર મહેતાએ ગુજરાત સ્કાઉટ-ગાઈડ સંઘ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસની પ્રવૃત્તિએ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

## કોલવડા સ્ટેટ મોડેલ ઈન્સ્ટીટ્યુટ ખાતે મહિલાદિનની ઉજવણી

આયુષ વિભાગ, ગુજરાત સરકાર હસ્તકની સ્ટેટ મોડેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ આયુર્વેદ સાયન્સીસ, કોલવડા-ગાંધીનગર ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાના ગર્ભાવક્રાંતિ કેન્દ્ર ખાતે પ્રસુતિ તથા સ્ત્રીરોગ વિભાગ અંતર્ગત સગર્ભા મહિલાઓ તથા સંતાનેચ્છુ યુગલોને સંતાનપ્રાપ્તિ માટે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. આશરે ૧૫૦ મહિલાઓ, વિદ્યાર્થીઓ, સ્ટાફનર્સ, સ્વીપર સ્ટાફને ડૉ. મીરા રાજાણીએ માસિક તથા શ્વેતપ્રદર બાબતે સમજ આપી હતી. ડૉ. પારૂલ જોશીએ ગર્ભસંસ્કાર એટલે શું, તથા માતા-પિતાએ રાખવાની કાળજીઓ તેમજ આજના સમયમાં ગર્ભ સંસ્કારની જરૂરિયાત વિષય પર વાતો કરી હતી. સંસ્થા તરફથી જાહેર જનતાને જણાવ્યુ હતુ કે દર મહિને આવતા પુષ્ય નક્ષત્રમાં સંસ્થાના ગર્ભાવક્રાંતિ કેન્દ્ર ખાતે સાંજે ૩.૩૦ થી ૪.૩૦ દરમિયાન ગર્ભસંસ્કાર અને તે માટે માતા-પિતાના પ્રશિક્ષણ બાબતે ચાલતી પ્રવૃત્તિઓનો લાભ લઈ શકાશે.

## જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા મહિલા અધિકારો અંગે કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અંતર્ગત એસ.આર.પી. ગ્રુપ-૧૨ કચેરી ખાતે મહિલા અધિકારો વિશે કાનૂની શિબિર યોજવામાં આવી હતી.

શિબિરમાં સિનિયર સિવિલ જજ અને સત્તામંડળના સેક્રેટરી એમ.બી. ધાંસુરાના અતિથિ તરીકે તેમજ એસ.આર.પી. ગ્રુપ-૧૨ના કમાન્ડન્ટ શિતલ ગુજર અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરમાં પેરાલીગલ વોલન્ટીયર સુધીર દેસાઈએ મહિલા કાયદાઓ અને અધિકારો વિશે વિસ્તારપૂર્વક સમજણ આપી હતી. આ ઉપરાંત, પેરાલીગલ, વોલન્ટીયર વિમળા અયાચીએ કાનૂની સહાય અને મહિલા સશકિતરણ વિશે પ્રેરણાદાયી વકતવ્ય રજૂ કર્યું હતું.

કાર્યક્રમમાં કમાન્ડન્ટ શિતલ ગુજરે એસઆરપી મહિલા કર્મચારીઓ અને પુરુષ કર્મચારીઓને શિસ્તબદ્ધ રીતે કામગીરી કરવાની શીખ આપી હતી. આ ઉપરાંત એમ.બી. ધાંસુરાએ પ્રેરક ઉદબોધનમાં પ્રજાના



સાચા રક્ષક તરીકે પુરેપુરું કાયદાની મર્યાદામાં રહીને, કાયદા વ્યવસ્થાની જાળવણીમાં વિશેષ યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. શિબિરમાં આશરે ૧૧૦ જેટલા કર્મચારીઓ હાજર રહ્યા હતા કાર્યક્રમમાં મ્યુનિસિપલ મહિલા કોર્પોરેટર હર્ષા ધાંધલ અને નિલા શુકલ ઉપસ્થિત રહ્યા હતા તેમજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પ્રતિનિધિ નટુભાઈ પટેલ, રાજુભાઈ ગજ્જર પણ ઉપસ્થિત રહ્યા હતા.




### ચિલોડા પોલીસ સ્ટેશન ખાતે મહિલા દિવસ ઉજવાયો

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે ચિલોડા પોલિસ સ્ટેશનમાં મહિલા પોલિસકર્મી, ૧૦૮ એમ્બ્યુલન્સ કર્મીઓ, ૧૮૧ અભયમ કર્મીઓએ સંયુકત રીતે કેક કાપીને ઉજવણી કરી હતી. ઉપસ્થિત સર્વેએ એકબીજાને મહિલા દિવસ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી હતી. ગાંધીનગર ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં સર્વે લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## રાજ્યમાં ૬૯ અકસ્માતના સ્થળોમાં સુધારો કરાતા અકસ્માતોની સંખ્યા ઘટી

### સરકાર દ્વારા વારંવાર અકસ્માતની સંભાવનાવાળા ૮૩ જેટલા સ્થળો શોધી કાઢવામાં આવ્યા હતા બ્લેક સ્પોટ પર જરૂરી સુધારા કરાતા અકસ્માતોની સંખ્યા ૬૮૩ થી ઘટીને ૮૫ થઈ ગઈ છે

ગાંધીનગર, તા. ૯

ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ દ્વારા ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબતનું બિન સરકારી વિધેયક-૨૦૧૮ રજૂ કરતા તેના ઉપરની ચર્ચામાં ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું કે અકસ્માતની ઘટનાને કારણે સર્જાતા ભયાનક દ્રશ્યોમાં જોવા મળતી વ્યથા, સંવેદનાને વિધેયક સ્વરૂપે વ્યવસ્થામાં પરિવર્તીત કરવાનો ઉત્કૃષ્ટ પ્રયાસ વિધાયક દ્વારા રજૂ કરવામાં આવ્યો છે.

માર્ગો ઉપર સર્જાતા અકસ્માતોને કારણે માનવ જીંદગીઓ મોતના મુખમાં હોમાતી બચે તે માટે રાજ્ય સરકાર દ્વારા હાલના બજેટ સત્ર દરમ્યાન ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી બીલ-૨૦૧૮ દાખલ કરી ગુન્હાહીત રીતે વાહનો હંકારનારા તથા નિયમોનો ભંગ કરનાર વિરૂદ્ધ કડક કાર્યવાહી થાય તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ હોવાનું ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ વધુમાં જણાવ્યું કે ગુજરાતમાં હાલમાં ૨.૩૦ કરોડ જેટલા વાહનો નોંધાયેલા છે. તેમાં પ્રતિ વર્ષ ૭ થી ૮ ટકાનો વધારો થઈ રહ્યો છે. રાજ્યની વસ્તીમાં છેલ્લા દસકામાં ૯૭ લાખનો વધારો થયો છે. રાજ્ય સરકાર દ્વારા માર્ગ અકસ્માતોના કારણોની વિશ્લેષણના આધારે અકસ્માતના સંભવીત વિસ્તારો (બ્લેક સ્પોટ) આઈડેન્ટીફાય કરવામાં આવ્યા હતા. રાજ્યમાં ૨૦૧૪ થી ૨૦૧૬ દરમિયાન કુલ-૮૩ જેટલા બ્લેક સ્પોટ નક્કી કરી ટેકનીકલ એરર દુર કરી ત્યાં માર્ગ સલામતીના સઘન તકેદારીના પગલા લઈ ૬૩ જેટલા બ્લેક સ્પોટ રેકટીફાઈ કરવામાં આવ્યા હતા. જેના કારણે આ સ્પોટ ઉપર અકસ્માતોની સંખ્યા ૬૮૩ હતી તે ઘટીને ૮૫ થઈ હતી એટલે કે અકસ્માતોની સંખ્યામાં ૫૯૮ જેટલો ઘટાડો જોવા મળ્યો હતો.

ગૃહ રાજ્યમંત્રીએ વધુમાં જણાવ્યું, કે રાજ્ય સરકારે માર્ગ અકસ્માતોની ઘટનાઓ બનતી અટકે તે માટે ટ્રાફિક નિયમન તંત્રને સુસજ્જ બનાવવા વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં માર્ગ સુરક્ષા નીધિ માટે રૂા. ૨૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં માનદ વેતનથી ફરજો બજાવતા ટ્રાફિક બ્રિગેડનું મહેકમ કે જે ૭,૨૪૭ હતું તે વધારીને ૧૦ હજાર કરવા તથા તેમાં ૩૩ ટકા લેખે મહિલા ટ્રાફિક બ્રિગેડની પણ માનદ વેતનથી સેવા લેવામાં આવશે. ટ્રાફિક બ્રિગેડનું માનદ વેતન રૂા. ૨૦૦ થી વધારીને રૂા. ૩૦૦ કરવામાં આવશે.

વાહન હંકારનારાઓ ટ્રાફિક નિયમોનું સખ્તાઈથી પાલન કરે તે માટે વિવિધ પ્રકારે નિયમોનો ભંગ કરનારાઓ પાસેથી વર્ષ-૨૦૧૩માં રૂા. ૫૦ કરોડ દંડ પેટે વસુલવામાં આવ્યા હતા. ૨૦૧૭માં રૂા. ૮૪ કરોડ દંડકીય વસુલાત કરવામાં આવી હોવાનું તથા ટ્રાફિકના નિયમોનો ભંગના ૫૭,૧૬૮ ગુના નોધ્યાં હોવાનું ગૃહ રાજ્ય મંત્રીએ જણાવ્યું હતું. ગુજરાત પોલીસ એકટ-૧૯૫૧માં વાહનોથી થતાં અકસ્માતો અંગે પૂરતી જોગવાઈ હોવા ઉપરાંત જરૂર પડે વધારાની સત્તા સોંપવાની પણ જોગવાઈ હોવાનું તેમ જ ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીને લગતું બિલ આ વિધાનસભા સત્રમાં જ પસાર કરવામાં આવેલ હોવાના કારણે, ગૃહ રાજ્યમંત્રી દ્વારા ભારપૂર્વક જણાવતા ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ દ્વારા રજૂ કરવામાં આવેલ ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબતનું વિધેયક-૨૦૧૮નું બિન સરકારી વિધેયક પરત લેવામાં આવ્યું હતું.


### ટુંકી મુદતની નિવિદા

'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગરની કચેરી હસ્તક ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં રેસ્ટ હાઉસ રીનોવેશન કામગીરી રૂ. ૨,૯૮,૩૮૯.૪૬ (અંકે રૂપિયા બે લાખ અઠ્ઠાણુ હજાર ત્રણસો નેવ્યાસી રૂપિયા અને છેતાલીશ પૈસા પૂરા) માલસામાન, મજૂરી સાથેની કામગીરીના ભાવો જીલ્લા મજુર કામદાર સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા તા. ૧૭/૩/૨૦૧૮ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં બંધ કવરમાં રજીસ્ટર પો.એ.ડી.થી મંગાવવામાં આવે છે. સદર કામના ભાવપત્રક સાથે રૂ. ૫,૦૦૦/- અધિકૃત બેંકની ૬ માસની ફીક્સ ડીપોઝીટ તથા મંડળીની બેન્ક સોલવન્સી, મંડળીના રજીસ્ટ્રેશન તથા વર્ગીકરણની નકલ (માર્ગ અને મકાન)ની મોકલી આપવાની રહેશે. અન્યથા ભાવપત્રકો અમાન્ય ગણવામાં આવશે. પ્રસ્તુત કામના મંજુર થયેલ પ્લાન એસ્ટીમેટની આઈટમ નંબર ૧ થી ૧૦ સુધીની કામગીરી કરવાની થશે જેના પ્લાન એસ્ટીમેટની નકલ અત્રેની કચેરીએથી કચેરી સમય દરમિયાન જોવા મળી શકશે.

**સરનામું :**
**'ગીર' ફાઉન્ડેશન, ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન,**
**પો.ઓ. સેક્ટર-૭, 'જ' રોડ, ગાંધીનગર-૩૮૨૦૦૩**
**ફોન નં. (૦૭૯) ૨૩૯૭૭૯૩૧૫/૩૦૦**
**માહિતી/૨૯૦૧/૧૭-૧૮** **નાયબ નિયામક (સં અને વિ.)**